Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0241

Continuous Issue-29 | December – February 2018

# સમાજમાં બળાત્કાળનું વધતું જતું પ્રમાણ અને કાયદાકીય જોગવાઈઓ : સામાજિક-કાનુની અભ્યાસ

# Increase of Rape Cases in Society and Legal Provisions: A Socio-Legal Study

**પ્રસ્તાવના:**

ભારતની કુલ વસ્તીનો લગભગ ૨/૩ હિસ્સો એ સ્ત્રીઓ છે. સમાજનો આ એવો હિસ્સો છે કે જેમને વિશેષ રક્ષણ અને કાળજી આપવાની આવશ્યકતા છે. કેમ કે,આ વર્ગ એ સરળતાથી હિંસાનો ભોગ બનતા હોય છે. સ્ત્રીઓ સામે થતા બળાત્કાર તથા જાતીય સતામણી માટે પહેલેથી કાયદાકીય જોગવાઈ છે. પરંતુ મહિલા વિરુદ્ધ થતા બળાત્કારના ગુનાઓમાં જે પ્રમાણે ક્રુરતા સાથેનો વધારો જોવા માળ્યો તેનાથી સમાજ અને સરકાર બંને ને એ સત્યની પ્રતીતિ થઇ છે.કે કરવામાં આવેલી જોગવાઈઓ અપર્યાપ્ત છે. અને તેમાં પણ ૧૬મી ડીસેમ્બેર ૨૦૧૨ના રોજ દિલ્હીમાં ચાલુ બસે થયેલા સામુહિક બળાત્કારની ઘટનાએ દેશના લોકોની સંવેદનાની સાથે – સાથે એક આક્રોશ સરકાર સામે વ્યક્ત કર્યો અને સરકારને આ દિશામાં સખત કાયદો અને અમલી કાયદામાં સુધારો લાવવા માટે વિવશ બનાવી. આના અનુસંધાન  સરકારે ફોજદારી કાયદા (સુધારા) અધિનિયમ ૨૦૧૩ (અમલ તારીખ ૩-૨-૨૦૧૩) દ્વારા મુખ્ય કાયદાઓમાં વિસ્તૃત સ્વરૂપના સ્ત્રીઓ સામેના દુષ્કર્મ,શોષણ અને સતામણી ની સળગતી સમસ્યાને વિસ્તૃત રીતે સમજવવાની તથા નવા અધિનિયમો અને સુધારાની સરળ સમજુતી સાથે તુલનાત્મક અધ્યયન જે રાષ્ટ્રીય સ્વરૂપે હાથ ધરાયેલા છે.

મહિલા વિરુધ્ધ થયેલા રેપ અંગેના ગુના અને ફોજદારી કાયદાની અંદર થયેલ ૨૦૧૩ના નવા સુધારા માટે દિલ્હીમાં બનેલ નિર્ભયા બળાત્કાર કેસની ઘટના પછી જે.એસ.વર્માના અધ્યક્ષ પદે સમિતિની રચના કરી અને સ્ત્રી સંબંધી ગુનામાં ખાસ કરીને આ બાબતે કાયદામાં સુધારો કરવામાં આવ્યું હતું. અને ૯૦ દિવસની અંદર જસ્ટિસ વર્માએ પોતાની ભલામણ આપી હતી. અને સંસદે " ક્રિમીનલ લો એમેડમેન્ટ એક્ટ " ૨૦૧૩ પસાર કર્યો જેમાં IPC માં નોંધપાત્ર સુધારા કરવામાં આવ્યા. એસીડ છાંટવા માટે ૩૨૬-એ,૩૨૬-બી, અંગે નવો ગુનો ઉમેરવામાં આવ્યો. ઈન્ટરનેટ દ્વારા થતી છેડતી ૩૫૪-એ ૩૫૪-બી ઉમેરવામાં આવી છે.

કલમ ૫૩-એ જે વ્યક્તિ પર બળાત્કારનો આક્ષેપ હોય તેની તબીબી દ્વારા તપાસ જયારે કોઈ શખ્સને ગુનામાં પકડયા બાદ પોલીસ માનવાને કારણ હોય કે તે તેવી સંભાવના છેતો મેડીકલ ઓફિસરને તેવા પોલીસ અધિકારી (સબ –ઇન્સ્પેક્ટર નીચેના દરજ્જાના ન હોય તેવા મેડીકલ તપાસણી કરાવવા જણાવી શકે.) તેમનું તે કરવું કાયદેસર ગણી ઉપરના કિસ્સામાં જયારે કોઈ સ્ત્રી ગુનેગારને મેડીકલ તાપસનો પ્રસંગ ઉભો હોય તો માત્ર મહિલા તાબિબજ તપાસ કરી શકશે. CrPC કલમ ૫૩બી જયારે રેપ કે તેની કોશિષ તપાસણીની ગુના બન્યાનો પુરાવો મળે તેમ છે. તો પોલીસ અમલદારની વિનંતીથી સરકારી હોસ્પિટલમાં તહોમતદારની શારીરિક તપાસણી કરી શકશે. ૨૦૧૩ માં બળાત્કાર ની વ્યાખ્યામાં પણ સુધારો કરવામાં આવ્યો છે.

બળાત્કારના ગુનાનો અર્થ થાય છે કે "પુરુષ દ્વારા સ્ત્રીની મરજી અથવા તેણીની સંમતી વગર બળપૂર્વક કરવામાં આવતો જતીય સંભોગ અને જેમાં શિશ્નનો યોનિપ્રવેશ થયો હોય પરંતુ જો પત્ની ૧૫ વર્ષ થી વધુ વયની હોય તો પુરુષ સંભોગ કરે તો તે બળાત્કાર નથી."

વર્ષ ૨૦૧૨માં ૧૬મી ડીસેમ્બર એ થયેલા સામુહિક બળાત્કારથી સમગ્ર દેશમાં એક શોકનું વાતાવરણ ઉભુ થયું અને તેનાથી પણ વિશેષ જે ક્રુરતાથી આ ઘટના બની તેનાથી લોક-માનસમાં જે ગુસ્સા સાથે કાયદામાં રહેલી ઉણપ સામે એક બળવાનું વાતાવરણ ઉભું કર્યું અને જેના પરિણામ સ્વરૂપે સરકારની ફોજદારી કાયદામાં ઘણા સુધારા લાવવા જોઈએ એ સત્યની પ્રતીતીં થઇ અને ફોજદારી કાયદા સુધારા અધિનિયમ ૨૦૧૩ અન્વયે સ્ત્રી/છોકરીઓ  વિરુધ થતા આવા અમાનવીય તથા બર્બર હુમલાને રોકવા માટેની વિશેષ કાયદાકીય જોગવાઈઓ લાવવામાં આવી.

આ  ફોજદારી કાયદા(સુધારા) અધિનિયમ ૨૦૧૩ અન્વયે જે પગલા ઉઠાવામાં આવ્યા તેને ભારત સરકારે ૩જી ફેબ્રુઆરી ૨૦૧૩ના વટહુકમથી તેના વાસ્તવિક સ્વરૂપમાં પસાર ન થઇ શક્યો અને આની અંદર ઘણા બધા પ્રકારે સુધારા સાથે ફોજદારી કાયદા સુધારા અધિનિયમ ૨૦૧૩ ૩જી ફેબ્રુઆરી અમલી બનાવામાં આવ્યો.

સ્ત્રી વિરુધ થતાં ગુનાઓ એક માત્ર ભારત સુધી માર્યાદિત નથી. આ ગુનાઓનું વિસ્તૃતીકરણ એ વૈશ્વિક સ્તરે જોવા મળે છે. સ્ત્રીઓની શારીરિક રચના એ પુરુષો કરતા અલગ હોવાથી એવા કેટલાક વિશિષ્ટ ગુનાઓ છે. કે,જેનો ભોગ માત્ર અને માત્ર સ્ત્રીઓ જ બંને છે. ધરતી પર રહેતાં દરેક પ્રાણીને તેના વિપરીત જાતિના પ્રાણી સાથે એક ખેંચાણ –આકર્ષણ આંતરિક રીતે ઉદ્દભવતું હોય છે. અને જયારે દરેક પ્રાણીની વાત છે. તો તેમાં માનવી અપવાદ ન હોય શકે. માનવી ને પાતાની શારીરિક જરૂરિયાત સંતોષવા માટે સમાજ દ્વારા અધિકૃત કરેલ માધ્યમ એ લગ્ન છે કે જેનાં દ્વારા બે તંદુરસ્ત શરીરો વચ્ચે સબંધ લેનાર બાળક ને કાયદેસરતા અને પૈત્રીકતા પ્રાપ્ત થાય છે. વિશેષ; ભારતનો સંદર્ભ લઇ એ તો લગ્ન સિવાયના શારીરિક સંબંધોને ગેરકાયદેસર સંભોગ,વ્યભિચાર,વગેરે કોઈ પણ પ્રકારે થતા કૃત્યનો સમાવેશ થાય છે. આ મુદ્દાની અંદર અમે આ દરેક પ્રકારના ગેરકાયદેસર જાતીય સંબંધોની ચર્ચા કરવાનાં છીએ કે જેને ભારતની અંદર ગુનો ગણવામાં આવે છે.

બળાત્કારના ગુના સંબંધી ભારતીય કાયદા પંચે એવી ભલામણ કરે કે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૫ હેઠળ ગણવામાં આવતા બળાત્કાર ના ગુનાને 'જાતીય હુમલા' અન્વયે મુકવો કે જેની અંદર દરેક પ્રકારના યોનિમાર્ગમાં લિંગ અથવા ગુદા,અથવા મૂત્રમાર્ગમાં માનવીય શરીરનાં કોઈ ભાગ દ્વારા અથવા કોઈ પદાર્થ દ્વારા પ્રવેશનો સમાવેશ કરવામાં આવે.આ માનનીય સર્વોચ્ચ અદાલતે આપેલ વ્યાખ્યા છે.

**ઉદેશો:**

- સમાજમાં આજના યુગમાં વિવિધ પ્રકારનાં ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહયું છે. અને ખાસ કરીને મહિલા ઉપર થતા અત્યાચારનું પ્રમાણ દિવસે – દિવસે વધતું જાય છે. તો ભારતીય બંધારણમાં વિવિધ જોગવાઈ આપવામાં આવી અને IPCમાં પણ Cr.PC પણ મહિલા સબંધી ગુનાઓ વિશે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. તે કાયદાનો અમલ મહદઅંશે થતો નથી. ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે.

તો આવા સ્ત્રી વિરુધનાં ગુનામાં આપણે જવાબદાર કોને ગણી શકાય કાયદો કે સમાજની વિવિધ પરિસ્થિતિ જવાબદારી હોય શકે.

- ભારતમાં એવા ઘણા કેસો મહિલા વિરુદ્ધનાં છે.તેણી કોઈ હજુ સુધી કાર્યવાહી કરવામાં આવી નથી.અને આવા કેસોનું લખાણ ઉપર જ કાર્યવાહી કરવામાં આવે છે.તો આવી બધી બંધારણીય જોગવાઈઓ હોવા છતાં હજુ સુધી એવી બહુ ઓછી મહિલાઓ છે કે જેને યોગ્ય ન્યાય મળ્યો નથી.
- સ્ત્રીઓ ઉપર થતા અત્યાચાર આજનાં યુગમાં એક કલંક કહી શકાય અને પીડિત મહિલાને તેના સમાજમાં માનનું સ્થાન મળતું નથી.અને તેને અપમાનિત કરવામાં આવે છે.
- બળાત્કારનાં કેસમાં સમાજ ભોગ બનનારને જ ગુનેગાર માનતા હોય છે.તેથી ભોગ બનનાર સ્ત્રીઓ વિષમ પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે.બળાત્કાર નો ભોગ બનનાર સ્ત્રીનો વાંક ન હોવા છતાં સમાજ નફરત કરે છે.ઘણા કેસોમાં સ્ત્રીઓ આપઘાત કરી નાખે છે.આવા સંજોગોમાં સમાજની ફરજ છે.કે આરોપીને સજા થાય તે જુવે અને ભોગ બનેલ સ્ત્રીના પુનરુત્થાનનીકોશિશ કરે.
    - આજે ભારતની આઝાદી ને 58 વર્ષ થયા પણ શું ? ભારતની સ્ત્રીને આઝદી છે ખરી ! સ્ત્રીઓ આજે પણ કાયદાઓ આપેલા અધિકારોથી વંચિત છે. ભારતની 70% સ્ત્રીઓ પિતાનાં ઘરે-કામની જગ્યાએ તથા સાસરે શોષણનાં ભોગ બંને છે. આવા શોષણ ને સ્ત્રીઓ બહુજ સહજતાથી સ્વીકારે છે. અને આવા શોષણ – અત્યાચારો નો વિરોધ કરવાનાં વિચાર પણ નથી કરતી.
- ભારતીય બંધારણે જુદા - જુદા કાયદાઓએ સ્ત્રીનાં સશક્તિકરણ માટે અનેક હક આપેલ છે. પરંતુ શું સ્ત્રીઓને તેમના હક્કની જાણકારી છે?
- આજે પણ સ્ત્રીભ્રુણ હત્યા અટકાવવા સરકારે અભિયાન શરૂ કરવા જોઈએ છે.
- આજે પણ વધુને વધુ આત્મહત્યા સ્ત્રીઓ કરે છે. શા માટે?
- સ્ત્રી વિરુધ્ધ થતા ગુના એ એક માત્ર ભારત સુધી મર્યાદિત નથી. આ ગુનાઓનું વિસ્તૃતીકરણ એ વૈશ્વિક સ્તરે જોવા મળે છે.

**હેતુઓ:**

- મહિલા વિરુદ્ધ થયેલા બળાત્કારનાં ગુનાઓમાં કાયદાથી થતા ભેદભાવ તેમજ તે અંગેનાં સુધારાઓમાં કેટલા અંશે અમલ થાય છે.
- મહિલા વિરુદ્ધ થયેલા નાં ગુનામાં મહિલા વિરુદ્ધ ભેદભાવ રાખવામાં આવે છે.
- બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓને જે 2013ના સુધારા અધિનિયમમાં સુધારા કરવામાં આવ્યા છે. તેમાં મહિલા જાગૃત છે.
- બળાત્કારના ભોગ બનેલ મહિલા વિરુદ્ધ કયા - ક્યા કારણોસર ભેદભાવ રાખવામાં આવે છે.
- બળાત્કાર પીડિતાની સમાજમાં પુન:સ્થાપન કેવી રીતે કરવું જોઈએ.
- બળાત્કારના કેસમાં બનાવથી અને કેસ પૂરો થાય ત્યાં સુધી મહિલા ઓ સાથે કેવો વર્તાવ કરવામાં આવે છે.
- મહિલા વિરુદ્ધ થયેલા રેપ ના ગુનામાં તેણી પાછળક્યા કારણો જવાબદાર હોય છે.
- 2013માં સુધારા અધિનિયમમાં જે સુધારા કરવામાં આવ્યા છે. તે નો અસરકારક અમલ થાય છે.

- ❖ ૨૦૧૩નાં સુધારા અધિનિયમમાં જે સુધારા કરવામાં આવ્યા છે. તેમાં હજુ વધારે સુધારા કરવાનીજરૂરછે.
- ❖ ૨૦૧૩નો નવો અધિનિયમ બનાવામાં આવ્યો તેનો અમલ કેટલા અંશે થાય છે. તેમજ તેમાં આપવામાં આવેલી જોગવાઈઓ નો અસરકારક અમલ તેમજ ઉપયોગ કેટલા અંશે થાય છે.
- ❖ શું ગુનેગાર માટે સજા વધારવી જોઈએ.
- ❖ ગામડામાં બળાત્કાર અટકાવા માટે સમાજમાં જાગૃતિ લાવવા માટે કોઈ માર્ગદર્શિકાઓ તેમજ હેલ્પલાઇન છે.

➢ **ભારતીય બંધારણીય જોગવાઈઓ**:

બંધારણ દ્વારા સ્ત્રી તથા પુરુષોને સમાન હક તથા સમાન દરજ્જો આપવામાં આવેલ છે. બંધારણમાં આર્ટિકલ ૧૪ ,૧૫ ,૧૬, ૧૯, અને ૨૧ દ્વારા સ્ત્રીઓને સમાન હક આપવામાં આવેલ છે. આ કાયદામાં સ્ત્રી સાથે ધર્મ જાતિના કારણે ભેદભાવ ન થઇ શકે.જાહેર નોકરીમાં સ્ત્રીને સમાન વેતનની તક. કોઈ પણ નોકરી કે વ્યવસાય કરવાની સ્વંતત્રતા વગેરે હક્કો આપવામાં આવેલ છે.

આમાં બંધારણ દ્વારા સ્ત્રી અને પુરુષ વચ્ચે મનસ્વી ભેદભાવ ને કાયદા અને ન્યાય દ્વારા દુર કરવાનાં પગલા લેવાયેલા છે. સ્ત્રીને તેણી મરજી મુજબનો જીવનસાથી પસંદ કરવાનો અધિકાર, શિક્ષણ મેળવવાનો, પસંદગી ક્ષેત્રમાં નોકરી કે વ્યવસાય કરવાનો, બાળકને જન્મ આપવાનો, સ્ત્રીભુણ હોય અને પતિની ઈચ્છા ન હોય છતાં પણ વગેરે હક્કો મળે છે. બંધારણ પ્રમાણે જયારે સમાનતામાં ભેદભાવ થાય ત્યારે સ્ત્રીઓ ને બંધારણ કાનૂની રક્ષણ આપે છે. સ્ત્રીને જન્મ પછી અને લગ્ન પછી પરાઈ માનવામાં આવે છે. પરંતુ કાયદાની દષ્ટિએ સ્ત્રીને પારકું ધન કે પરાયી કહેવી તે સ્ત્રીનાં મૂળભૂત અધિકારોની અવગણના કહેવાય છે.

બળાત્કાર એ સૌથી ખરાબ નીતિભ્રષ્ટ કૃત્યોનું એક છે. આ કૃત્ય ત્યારે વધુ દુષ્ટ, શરમજનક અને ધ્રુણાસ્પદ બની જાય છે. જયારે તેની પીડિત સ્ત્રીનું એક બાળકી હોય છે. માનવ જાતીની શૈતાની કૃત્યોની સૌથી નીચલા પાયરી ત્યારે આવી જાય છે. કે જયારે બળાત્કારનું પરિણામ ક્રૂર મૃત્યુમાં પરિણમે છે.

ધરતી પર રહેલા દરેક પ્રાણીને તેના વિપરીત જાતિના પ્રાણી સાથે એક ખેંચાણ – આકર્ષણ આંતરિક રીતે ઉદભવતું હોય છે. અને જયારે દરેક પ્રાણીની વાત છતાં તેમાં માનવી અપવાદ ના હોય શકે. માનવીઓને પોતાની શારીરિક જરૂરિયાતો સંતોષવા માટે સમાજ દ્વારા કરેલ માધ્યમ એ લગ્ન છે. જેના દ્વારા બે તંદુરસ્ત શરીર વચ્ચે સંબંધ બંધાય છે. અને તેના દ્વારા જન્મ લેનાર બાળકને કાયદેસરતા અને પૈત્રીકતા પ્રાપ્ત થાય છે.

ભારતનો સંદર્ભ લઇ એ તો લગ્ન સિવાયનાં શારીરિકનાં સંબંધો ગેરકાયદેસર ગણવામાં આવ્યા છે. આ ગેરકાયદેસર સ્વરૂપની અંદર બળાત્કાર સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્યુ ગેરકાયદેસર સંભોગ વ્યભિચાર વગેરે કોઈ પણ પ્રકાર થતા કૃત્યો નો સમાવેશ થાય છે. જેને ભારતની અંદર ગુનો ગણવામાં આવે છે.

- **ભારતીય દંડ સંહિતા હેઠળ રહેલ જોગવાઈઓ:**

(૧) કલમ ૩૧૨:- ગર્ભપાત કરાવવા બાબત

- જે કોઈ વ્યક્તિ સ્વેચ્છાપૂર્વક કોઈ ગર્ભવતી સ્ત્રીનો ગર્ભપાત કરાવે તેને,જો તે સ્ત્રીનો જાન બચાવવાના હેતુ માટે શુદ્ધબુધ્ધિથી તે ગર્ભપાત કરાવ્યો ન હોય તો, ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે; અને જો તે સ્ત્રીના ઉદરમાં બાળક ફરકતું થયું હોય તો સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

  સ્પષ્ટીકરણ :- જે સ્ત્રી જ પોતાનો ગર્ભપાત કરે અથવા કરાવે તે આ કલમનાં અર્થમાં આવી જાય છે.

  (૨) કલમ ૩૧૩ :- સ્ત્રીની સમંતિ વિના ગર્ભપાત કરાવવા બાબતે

- જે કોઈ વ્યક્તિ કોઈ સ્ત્રીના ઉદરમાં બાળક ફરકતું હોય કે થયું ન હોય તો પણ તે સ્ત્રીની સમંતિ વિના,જે ઉપરથી છેલ્લી કલમમાં વ્યાખ્યા કર્યા મુજબ ગુનો કરે તેને આજીવન કેદની અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પકારની કેદની શિક્ષા  કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

  (૩) કલમ ૩૧૪ :- ગર્ભપાત કરાવવાના ઈરાદાથી કરેલા કૃત્યથી મૃત્યુ નીપજાવવા બાબત.

- જે કોઈ વ્યક્તિ કોઈ ગર્ભવતી સ્ત્રીનો ગર્ભપાત કરાવવાના ઈરાદાથી તે સ્ત્રીનું મૃત્યુ નિપજે એવું કૃત્યુ કરે, તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે;
- સ્ત્રીની સમંતિ વીના તે કૃત્યુ કર્યું હોય તો અને તે સ્ત્રીની સમંતિ વિના તે કૃત્યુ કર્યું હોય તો તેને આજીવન કેદની અથવા ઉપર જણાવેલી કેદની શિક્ષા કરવામાં આવશે.

  સ્પષ્ટીકરણ :- આ ગુના માટે એ આવશ્યક નથી કે ગુનેગાર એ કૃત્યથી મૃત્યુ નીપજાવાનો સંભવ છે.એવું જાણતો હોવો જોઈએ.

  (૪) કલમ ૩૭૫ :- બળાત્કાર

- જે કોઈ પુરુષ સ્ત્રીની સમંતિ વગર સંભોગ કરે તે બળાત્કાર કરે છે. એમ કહેવાય છે. "

  કોઈ પણ વ્યક્તિ જો – તે.........

  ( એ )  એનો મૂત્રપિંડ કોઈ પણ હદ સુધી બીજી વ્યક્તિની યોનીમાં /યુરેથ્રામાં અથવા મળદ્વારમાં પ્રવેશાવે અથવા બીજી વ્યક્તિને પોતાની કે અન્ય વ્યક્તિ સાથે તેમ કરાવે,અથવા

  ( બી )  મુત્રપિંડ ન હોય તેવો શરીરનો કોઈ ભાગ કે વસ્તુ બીજી વ્યક્તિની યોનીમાં દાખલ કરે /યુરેથ્રામાં અથવા મળદ્વારમાં દાખલ કરે અથવા બીજી વ્યક્તિ પાસે તેમ કરાવે,અથવા

  ( સી )  બીજી વ્યક્તિના શરીરના કોઈ પણ ભાગને પોતાનો હાથથી રમાડે કે બીજી પાસે તેમ કરાવડાવે જેથી તે યોનીમાં કે યુરેથ્રામાં કે મળદ્વારમાં અથવા શરીરના કોઈ પણ ભાગમાં તે પ્રવેશાવી શકાય અથવા બીજાને પોતાની સાથે કે બીજા વ્યક્તિ સાથે તેમ કરવાનું કરે, અથવા

  ( ડી ) મૂત્રપિંડને, યોનિને,મળદ્વારને અથવા બીજીની યુરેથ્રાને મોં અડાડે અથવા બીજાને પોતાની સાથે કે બીજી વ્યક્તિ સાથે તેમ કરવાનું કહે, અથવા

  ( ઈ ) વ્યક્તિની યોની,મુત્રપિંડ,મળદ્વાર અથવા છાતીને અડે અથવા બીજા ને પોતાની સાથે અથવા બીજા સાથે તેમ કરાવાનું કહે –તો ....

  તે વ્યક્તિએ બીજી પર જાતીય હુમલો કર્યો છે. એમ કહેવાશે –

( અપવાદો ) પરંતુ –

જ્યાં આવું પ્રવેશ કરવાનું અથવા અડાડવાનું યોગ્ય સ્વાસ્થ્યના હેતુઓ માટે અથવા દાક્તરી હેતુઓ માટે કરાઈ જે નીચે વર્ણવેલા સાત સંજોગો માંથી ગમે તે એકમાં આવી જતું હશે તો તે જાતીય હુમલો ગણાશે નહી.

પહેલું :- એ બીજી વ્યક્તિની ઈચ્છા વિરુધ.

બીજું :- એ બીજી વ્યક્તિની સંમતિ વિના.

ત્રીજું :- એ બીજી વ્યક્તિની સમંતિથી પરંતુ એવી સમંતિએ વ્યક્તિને અથવા જેનામાં એ વ્યક્તિ ને રસ છે. તેને મૃત્યુનો અથવા ઈજાનો ડર બતાવીને.

ચોથું :- જેના પર હુમલો કરાયો છે તે વ્યક્તિ જયારે મહિલા હો ત્યારે તેની સમંતિથી જયારે પુરુષ એમ જાણે છે. કે તેણીનો પતિ નથી અને તેણી એમ સમંતિ આપી છે.

કારણ કે તેણી એમ માને છે. કે તે એવી વ્યક્તિ છે કે જેની સાથે તેણે લગ્ન કર્યા છે. અથવા કાયદેસર રીતે પરણી છે.

પાંચમું :- એ બીજી વ્યક્તિની સંમતીથી પણ એવી સંમતી આપતી વેળાએ એ વ્યક્તિ પોતે અસ્વસ્થ મનની હોય અથવા તેણી નશો હોય અથવા એને બેભાન કરે તેવો પદાર્થ લીધો હોય કે એવી વ્યક્તિ તે જેના વિષે સમંતિ આપે છે. એવા કાર્યનો પ્રકાર અને તેનાં પરિણામો જાણવાને માટે અસમર્થ હોય.

છઠું :- એવી વ્યક્તિ જ્યારે અઢાર વર્ષથી નીચેની ઉંમર હોય ત્યારે એની સમંતિ મેળવી ને કે મેળવ્યા વિના.

સાતમું :- જયારે સમંતિ આપનાર વ્યક્તિ એની સમંતિ જણાવવા ને માટે અશક્તિમાન હોય.

( ૫ ) કલમ ૩૭૬ જાતીય હુમલા અર્થાત બળાત્કાર માટેની શિક્ષા :

(૧) જે કોઈ વ્યક્તિ પેટા કલમ (૨)માં જોગવાઈ કરેલા કિસ્સાઓ સિવાય બળાત્કાર કરે, તેને ૭ વર્ષથી ઓછી નહિ એટલી,

પરંતુ જે આજીવન કેદની અથવા ૧૦ વર્ષ સુધીની હોઈ શકે. તેવી બે માંથી ગમે તે પ્રકારની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર પણ થશે સિવાય કે .....

- બળાત્કાર નો ભોગ બનેલી સ્ત્રી તેની પોતાની પત્ની હોય અને ૧૨ વર્ષથી નીચેની વયની ન હોય આવા કેસોમાં તેને ૨ વર્ષની મુદત સુધીની બે માંથી ગમે તે પ્રકારની કેદ કે દળની શિક્ષા કરવામાં આવશે.

(૨) જે કોઈ વ્યક્તિ .....

(એ) પોલીસ ઓફિસર હોય ,

(૧) જ્યાં તેણી નિમણુક કરવામાં આવી હોય તે, અથવા

(૨) પોલીસ સ્ટેશનની હદમાં, અથવા

(૩) પોતાની કસ્ટડીમાં હોય અથવા તો,

(બી) પોતાના હાથ નીચેના પોલીસ ઓફિસરના કબજામાં હોય તેના પર બળાત્કાર કરે, અથવા

(સી) સશસ્ત્ર દળોના સભ્ય હોઈ તેને કેન્દ્ર સરકાર અથવા જ્યાં મુકે ત્યાં બળાત્કાર કરે, અથવા

(ડી) તે સંચાલન કરતા હોય અથવા જેલ નાં સ્ટાફ સભ્ય હોય, અથવા રિમાન્ડ હોમનાં સ્ટાફનો સભ્ય હોય અથવા બીજા કસ્ટડીમાં રાખવાના જે સ્થળો તેનો સભ્ય હોય અથવા તો મહિલાઓ ના અથવા

બાળકોની સંસ્થામાં સ્ટાફ પર હોય કે તેની મેનેજમેન્ટમાં હોય અને આવી જેલ,રિમાન્ડ હોમ,વગેરે સ્થળ અથવા સંસ્થાના સંચાલનમાં હોય અને બળાત્કાર કરે, અથવા

(ઈ) કોઈ હોસ્પિટલનાં સ્ટાફનો સભ્ય હોય અથવા મેનેજમેન્ટનો હોય, હોસ્પિટલમાની કોઈ વ્યક્તિ પર બળાત્કાર કરે, અથવા

(એફ) જેના પર બળાત્કાર કરવામાં આવ્યો છે. તેવી વ્યક્તિનો તે સગાં હોય,વાલીઓ અથવા તેનો શિક્ષક હોય અથવા તો જેના પર વિશ્વાસ મૂકી શકાય તેવી સ્થિતિમાં તે વ્યક્તિ હોય,અને તે આવી વ્યક્તિ પર બળાત્કાર કરે,અથવા

(જી) કોઈ સ્ત્રી ગર્ભવતી હોઈ તેમ તે જાણતો હોય તે છતાં તેના પર બળાત્કાર કરે, અથવા

(એસ) જ્યાં વ્યક્તિ ૧૮ વર્ષ નીચેની ઉંમરની હોય ત્યારે તેના પર બળાત્કાર કરે, અથવા

(આઈ) જેના પર બળાત્કાર કર્યો છે ! તેવી વ્યક્તિ સમંતિ આપવાને આશ્ક્તિમાન હોય, અથવા

(જે) તે આર્થિક રીતે અથવા સામાજિક રીતે વર્ચસ્વ ધરાવતી વ્યક્તિ હોય ત્યારે તે પોતાની હાથ નીચેની વ્યક્તિ પર બળાત્કાર કરે, અથવા

(કે) જે વ્યક્તિ માનસિક રીતે અથવા શારીરિક રીતે અશક્ત હોય તેના પર બળાત્કાર કરે, અથવા

(એલ) આમ બળાત્કાર કરતો તેવી વ્યક્તિને ગંભીર ઈજા કરે અથવા તેને લંગડી બનાવી છે. બેડોળ બનાવી દે. અથવા તેના જીવનને ભયમાં મૂકી દે, અથવા

(એમ) તે ચાલુ કે વારંવાર બળાત્કાર કરે તેને ૧૦ વર્ષથી ઓછી નહી તેવી સખ્ત કેદની શિક્ષા કરાશે અને જે આજીવન કેદમાં ફેરવી શકાય અને તેનો દંડ પણ કરશે.

કલમ ૩૭૬- એ :- મૃત્યુ નીપજવવા માટે અથવા ભોગ બનનારના વેજીટેબલ અસ્તિત્વમાં પરિણમે

- જે કોઈ કલમ -૩૭૬ની પેટાકલમ(૧) અથવા પેટાકલમ-(૨) હેઠળ શિક્ષાપાત્ર એવો અપરાધ કરે અને એવો અપરાધ કરવા દરમિયાન એવી ઈજા તે વ્યક્તિને કરે કે જે વ્યક્તિનું મૃત્યુ નીપજાવે અથવા તો એ વ્યક્તિને કાયમી વનસ્પતિનું જેવું અસ્તિત્વ છે. તેવી સ્થિતિમાં બુકી દે,તેને વીસ વર્ષથી ઓછી નહી તેવી સખત કેદના શિક્ષાનો અર્થ એ વ્યક્તિનાં શેષ જીવન સુધીની શિક્ષા એક કરવામાં આવશે.

- કલમ ૩૭૬-બી :- જુદાં રહેતા હોય તે દરમિયાન પતિએ પોતાની પત્ની પર કરેલો બળાત્કાર
    - જે કોઈ વ્યક્તિ પોતાની પત્ની,કે જે, છૂટાછેડાના હુકુમનામાં અનુસાર અથવા કોઈ આચાર અથવા રીવાજ ના પાલન અનુસાર અથવા જુદી રહેતી હોય તેના પર તેની સમંતિ વિના બળાત્કાર કરે તેને બે વર્ષથી ઓછી નહી તેટલી ગમે તે એક પ્રકારની કેદની શિક્ષા અને જે શિક્ષા સાત વર્ષ સુધી લંબાવી શકાશે તથા તેનો દંડ પણ કરવામાં આવેશે.
- કલમ ૩૭૬-સી :- સત્તામાં હોય તેવી વ્યક્તિથી બળાત્કાર
        - જે કોઈ વ્યક્તિ .......

(એ) સત્તાધિકારી હોય અથવા વિશ્વાસજન્ય સંબંધ ધરવતો હોય; અથવા

(બી) જાહેર સેવક હોય; અથવા

(સી) જેલનો,રિમાન્ડ હોમનો અથવા અન્ય સ્થળો કે જ્યાં વ્યક્તિને હવાલાતમાં રાખવામાં આવતી હોય તેવા સમય પૂરતા કાયદાથી સ્થાપિત હોય તેવા સ્થળનો અથવા સ્ત્રીઓની કે બાળકોની કોઈ સંસ્થાનો સુપ્રિન્ટેન્ડેન્ટ અથવા મેનેજર હોય, અથવા

(ડી) તે હોસ્પિટલનો સંચાલનકર્તા હોય અથવા તો હોસ્પિટલનાં સ્ટાફમાં હોય, અને પોતાની એ સ્થિતિનો દુરુપયોગ કરે અથવા એવી વિશ્વાસજન્ય સ્થિતિનો દુરુપયોગ કરે અને પ્રથમ જણાવેલી વ્યક્તિના હવાલામાં જે વ્યક્તિ છે. તેને અથવા તેવી વ્યક્તિના ચાર્જમાં જે વ્યક્તિ હોય તેને ઉશ્કેરીને કે લાલચ આપીને તેણી સાથે એવો જાતીય સંભોગ કરે જે બળાત્કાર ન બનતા તેને પાંચ વર્ષથી ઓછી નહી તેવી બે માંથી ગમે તે એક પ્રકારની સખત કેદની શિક્ષા થશે,પરંતુ એવી સજા દસ વર્ષ સુધી લંબાવી શકાશે અને તે દંડને પાત્ર પણ થશે.

કલમ ૩૭૬- ડી :- જુથે કરેલો બળાત્કાર

જેઓ એક જુથમાં હોય અથવા તેઓના સામાન્ય ઈરાદાને બરલાવવા માટે બળાત્કાર કરે ત્યારે તેમની જાતી જોયા વિના /ધ્યાનમાં લીધા સિવાય તે દરેક બળાત્કાર કર્યા છે એમ ગણાશે અને તેઓને દરેકને વીસ વર્ષથી ઓછી નહિ તેટલી સખત કેદની શિક્ષા કરવામાં આવશે.જે આજીવન કેદ સુધી લંબાવી શકાશે. અને આ ઉપરાંત તેઓ એ ભોગ બનનાર વ્યક્તિને વળતર આપવું પડશે.જ ભોગ બનનારના દાકતરી ખર્ચને તેના પુનર્વસનના ખર્ચને પહોંચી વાળે તેટલું હશે.

- કલમ ૩૭૬-ઈ :- ફરીવાર બળાત્કાર કરનાર માટે શિક્ષા
    - જે વ્યક્તિ અગાઉ કલમ-૩૭૬,૩૭૬-એ અથવા ૩૭૬-સી અથવા કલમ ૩૭૬ –ડી હેઠલ બળાત્કાર માટેનો દોષિત ઠરેલો છે. એજો ઉપર જણાવેલી કલમોમાંથી ગમે –તે હેઠળ ગુનેગાર ઠરી ફરી શિક્ષાપાત્ર બંને તેને આજીવન કેદની સજા કરવામાં આવશે .જેનો અર્થ એ વ્યક્તિના શેષ જીવન સુધીની શિક્ષા /કેદ કરવામાં આવશે. ઇન્ડિયન પિનલ કોડ ,૧૮૬૦
- **Cr.PCમાં બળાત્કાર અંગેના 2013નાં સુધારા**
    - **કલમ :- 164**
- **બળાત્કારના કિસ્સામાં સ્ત્રી અંગે નિવેદન JMFC સમક્ષ કરાશે અને તેની વિડીયોગ્રાફી કરવામાં આવશે.**
    - **કલમ :- 273**
- **જે સ્ત્રી 18 વર્ષથી નીચેની હોય તેવા બળાત્કાર કેસમાં ,કે અન્ય જાતીય ગુનાનો ભોગ બનનાર સ્ત્રીના કેસમાં ,આરોપીની રૂબરૂમાં ઉલટ તપાસ હાથ ધરાશે નહિ.**
    - **કલમ :- 309**
- **દરેક બળાત્કારની તપાસ જેમ બંને તેમ જલ્દી હાથ ધરાશે, speedy trial**
    - **કલમ-357**
- **(A),(B),(c) નવી ઉમેરવામાં આવી (ભોગ બનનાર સ્ત્રીને વળતર**
    - **અધિકારી જ નોધશે. અને તેવી FIR ફરિયાદી મહિલા કહેશે તે સ્થળે નોધાશે.**
- **એવિડન્સ એક્ટમાં બળાત્કાર અંગે 2013નાં સુધારા**
    - **કલમ-53 (A)**
        - **નવી ઉમેરવામાં આવી,ભોગ બનનાર સ્ત્રીનું ચારિત્ર ધ્યાનમાં લેવાશે નહિ,પુરાવા તરીકે અપ્રસ્તુત ગણાશે.**
    - **કલમ-146**

- ઉલટ તપાસમાં સ્ત્રીઓના ચરિત્ર અંગે પ્રશ્નો પૂછી શકશે નહિ.

- કલમ-૧૧૪ (એ)
  - બળાત્કાર માટે કેટલી ફરિયાદમાં સંમતીની ગેરહાજરીનું અનુમાન.

હાલ દેશમાં સ્ત્રીઓની સલામતી અને રક્ષણને ધ્યાનમાં રાખી IPCમાં ખાસ સ્ત્રીઓના ગુનાઓમાં સુધારો કરવામાં આવ્યો છે. આવી રીતે સ્ત્રીઓ પર બનતા બળાત્કારનાં ગુનામાં સ્ત્રીઓને ખાસ પ્રકારના રક્ષણ અને સલામતીની આવશ્યકતા ઉભી થઇ છે. અને દેશમાં બળાત્કારનાં ગુનામાં સતત વર્ષે ને વર્ષે વધારો થતો જાય છે.તો આવા કલંકજન્ય કૃત્યને ઓછું કરવામાં IPCમાં સ્ત્રીઓ પર થતા બળાત્કારની જોગ્વાઇઓમા ખાસ સુધારો કરવામાં આવ્યો છે.૨૦મી -૨૧મી સદીમાં જેલમાં પણ સ્ત્રીઓ પર બળાત્કાર તે સમયમાં પણ સ્ત્રીઓને ખાસ પ્રકારે સુરક્ષિત નહોતી.જેલમાં સ્ત્રીઓએ ગુનાઓ પ્રમાણે સજા કરવામાં આવતી.અને ત્યારે જેલમાં લેડીજ ઓફિસરોનું પ્રમાણ બહુ ઓછુ હતું. તેમજ બહુ ચર્ચિત દિલ્હી નિર્ભયા કેસ બાદ ખુબ વિરોધ કરવામાં આવ્યો અને એક વર્મા સમિતિ ની રચના કરવામાં આવી આથી સુધારા કરવામાં આવ્યા

**આંકડાકીય માહિતી અને માહિતીનું અર્થઘટન**

ભારતમાં સ્ત્રીઓ વિરુધ નોંધયેલા બળાત્કાર ગુનાઓ:

ઉપરોક્ત અભ્યાસ કર્યા બાદ ભારતમાં નોંધયેલા બળાત્કારના ગુનામાં બે -ત્રણ વર્ષે ગુનામાં વધારો થતો જાય છે. 2001 થી 2015 સુધી બળાત્કારના ગુના વધતા જોવા મળે છે.2015માં બનેલ બળાત્કાર ના કુલ 43600 ગુનાઓ બન્યા છે. વધવાના ક્રમમાં જ છે. એક પણ વર્ષમાં ઘટતા ક્રમમાં નથી. સૌથી વધુ 2015માં બળાત્કારના ગુનાઓ નોંધાયા છે.

- વર્ષ ૨૦૧૫માં ૩૪,૬૦૦ બળાત્કારનાં કેસો નોંધાયા છે.તેમાં દિલ્લી અને મધ્યપ્રદેશમાં સૌથી વધારે કેસો નોંધાયા છે. મધ્યપ્રદેશ માં ૪.૩૯૧ કેસો સૌથી વધારે છે. વર્ષ ૨૦૧૫ -૨૦૧૬માં ભારતના સાત રાજ્યોમાં સૌથી વધારે કેસો નોંધાયા છે.જે નીચે મુજબ છે.

| ક્રમ | રાજ્યો | નોંધાયેલ ગુનાઓ |
|---|---|---|
| ૧. | મહારાષ્ટ્ર | ૧૬૯૮૯ |
| ૨. | મધ્ય પ્રદેશ | ૧૨૮૮૭ |
| ૩. | ઉત્તરપ્રદેશ | ૧૩૩૪૩ |
| ૪. | ઓરિસ્સા | ૮૮૭૩ |
| ૫. | રાજસ્થાન | ૮૨૭૪ |
| ૬. | પ. બંગાળ | ૮૦૪૯ |
| ૭. | આંધ્રપ્રદેશ | ૬૦૪૪ |

ઉપરોક્ત અભ્યાસ બાદ એ વ્યવહારુ રહેશે કે આ બનેલા કુલ ગુનાઓમાં મહારાષ્ટ્રમાં સૌથી વધારે બળાત્કારનાં ગુના બનેલ છે. 29 રાજ્યોમાંથી આ સાત રાજ્યોમાં બળાત્કારનાં ગુનાઓ વધુ નોંધાય છે. આ સાતમાં આંધ્રપ્રદેશમાં બળાત્કારના ગુના ૮% નોંધાયે છેતેમજ મહારાષ્ટ્રમાં ૨૩% બળાત્કારના ગુના નોંધયેલા છે. તેમજ રાજેસ્થાન અને પં.બંગાળ આ બંને રાજ્યો મા ૧૧% બળાત્કારનાં ગુના નોંધયેલા છે.

- ગુજરાતની અંદર સ્ત્રીઓ વિરુધ્ધ નોંધયેલા બળાત્કારનાં ગુનાઓ
    - ગુજરાતમાં 2016નાં જાન્યુઆરીથી નવેમ્બેર સુધીનાં 11 માસમાં બળાત્કારનાં 442 ગુના નોંધાયા છે.આ જ સમયમાં 2015 બળાત્કારનાં 424 ગુના નોંધાયા હતા. દિલ્હીના નિર્ભયાકાંડ બાદ સગીર વયની કિશોરી પર બળાત્કાર થવાના બનાવને પોસ્કો એક્ટ હેઠળ કેસ ચલાવવાનો સુધારો આવ્યો હતો જેનો અમલ 2014 થી શરૂ થયો હતો. રાજ્યમાં પ્રથમ વર્ષે 83 કેસ નોંધાયા હતા.ત્યારબાદ 2015માં પોસ્કો એક્ટ હેઠળ ત્રણ ગણા વધારે 205 કેસ અને 2016માં આ આંકડો વધીને 217 થયો છે. હજુ ૨૦૧૭ નું વર્ષ શરુ થયે 19 દિવસમાં 9 કેસ પોસ્કોનાં કાયદા હેઠળ કેસ ચાર્જશીટ થયાં છે. રેન્જ વાઈઝ મહિલાઓ સામે બળાત્કારની ઘટનાઓના આંકડાઓનું મૂલ્યાંકન કરતા બોર્ડર રેન્જમાં સૌથી વધુ નવેમ્બેર 2016માં 81 બળાત્કારની ઘટના નોંધાઈ હતી.2015માં પણ બોર્ડર રેન્જમાં સૌથી વધુ 78 ઘટના બળાત્કારની નોંધાઈ હતી. આમ 2015 અને2016માં રાજ્યના અન્ય રેન્જ વિસ્તાર કરતા બળાત્કારની વધુ ઘટનાઓ નોંધાઈ હતી. ઉલ્લેખનીય છે કે બોર્ડર રેન્જમાં અમરેલી,ભાવનગર,બોટાદ,જુનાગઢ,ગીરસોમનાથ અને પોરબંદર આવે છે. ગુજરાતમાં કુલ 442 કેસ નોંધાયા છે.

| સ્થળ | જાન્યુ.થી નવે.સુધી 2016 | જાન્યુ.થી નવે.સુધી 2015 |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૫૬ | ૪૫ |
| રાજકોટ શહેર | ૨૦ | ૧૮ |
| સુરત શહેર | ૨૧ | ૩૨ |
| બરોડા શહેર | ૧૦ | ૧૫ |
| અમદાવાદ રેન્જ | ૨૯ | ૩૫ |
| ગાંધીનગરરેન્જ | ૪૭ | ૩૦ |
| રાજકોટ રેન્જ | ૩૭ | ૪૫ |
| બોર્ડર રેન્જ | ૮૧ | ૭૮ |
| જૂનાગઢ રેન્જ | ૩૯ | ૩૦ |
| બરોડા રેન્જ | ૬૦ | ૬૬ |
| સુરત રેન્જ | ૪૨ | ૩૦ |
| કુલ | ૪૪૨ | ૪૨૪ |

ઉપરોકત અભ્યાસ મુજબ બોર્ડર રેન્જ મા સૌથી વધુ બળાત્કારના ગુના નોંધાયેલા છે. સૌથી ઓછા બળાત્કારનાં ગુના બરોડા શહેરમાં નોંધાયેલા છે. તેમાં 2016 અને 2015 મા ૧૦ અને ૧૫ ગુનો જ નોંધાયા છે.તેમજ શહેર કરતા રેન્જ મા વધુ ઉના બંને છે.તેમજ અમદાવાદ નવેમ્બર 16 સુધી 56 કેસનાં આંકડા સૌથી વધુ સંખ્યા સાથે શરમજનક રીતે આગળ છે.આ આંકડો 2015માં 45નો હતો.અને ત્યારે પણ રાજ્યના મુખ્ય ચાર શહરેની સરખામણીમાં અમદાવાદ શરમજનક રીતે આગળ જ હતું પોલીસ સુત્રોમાંથી મળેલ આંકડાઓ મુજબ 2015 કરતા 2016માં બળાત્કારના ગુના અમદાવાદમાં 2015માં ૫૯ બળાત્કારનાં કેસ નોંધાયા છે.જયારે તેમાં વધારો થઇ ને 2016માં 112 બળાત્કારના કેસ નોંધાયા છે. બળાત્કારને લગતા ગુનાઓનું પ્રમાણ ૧૧% થી માંડી ને

૩૨% જેટલું વધ્યું છે.અમદાવાદ પોલીસના દફતરે 2015 અને 2016માં નોંધાયેલા ગુનાઓની સરખામણીમાંથી આવું તારણ નીકળે છે.

**નિષ્કર્ષ**:

આમ, આપણે ભારત અને ગુજરાતના સ્તરે બળાત્કારના ને રોકાવા માટે હાથ ધરવામાં આવેલ કાયદાકીય જોગવાઈઓ,સમજુતીપત્રો અને સંમેલનો કરવામાં આવેલી અટકાયાત્મ પ્રતિબંધોનો અભ્યાસ કર્યો પરંતુ ,તેમ છતાં આહિંયા મને ખૂટતું હોય એવું લાગે છે.આ ખૂટતું તથા ખુંચતી કડીએ કાયદાના અમલ –પાલનની અને સામાજિક સંવેદનાની ઉણપની લાગે છે.

- જો આટ આટલી રક્ષાત્મક જોગવાઈઓ હોવા છતાં પણ સ્થિતિમાં કેમ જોઈએ એવો સુધારો આપણે લાવી શક્યા નથી આ માટે સમાજ અને સરકારે એક બીજાને સાથ આપી બળાત્કારના ગુનાને બચાવવાની પહેલ કરવી પડશે કે જેથી ગુના ઓછાં બંને.
- બળાત્કારનાં ગુના બની ગયા પછી પીડિતને પૂરતો ન્યાય મળતો નથી.વળતર આપવાનું કાયદાની જોગવાઈઓમાં છે.પરંતુ આપવામાં આવતું નથી આથી ગુના વધે છે. અને નોંધાતા નથી.
- ક્રિમીનલ લોમાં સુધારો કરવામાં આવ્યા હોવા છતાં બળાત્કારનાં ગુનાઓ ઘટવાને બદલે વધે છેતો આ કાયદા નો અમલ કેમ નથી કરતા.
- કડક સુધારો કરવામાં આવ્યો છે.તો પણ બળાત્કારના બનાવ વધવાને કારણે ઘણા કેસો ઉકેલ થયા વગરના છે.બળાત્કારના ગુના મોટે ભાગે પરિચિત વ્યક્તિ તેમજ કૌટુંબિક વ્યક્તિઓ દ્વારા જ ગુના બંને છે.
- બળાત્કારના બનાવ શહેર કરતા ગામડાંમાં વધુ બંને છે.પરંતુ તે બહાર આવતા નથી શહેરમાં સાક્ષરતાનું પ્રમાણ વધુ હોવાથી અને જાગૃત હોવાથી બળાત્કારના ગુનાઓ સામે  સામનો કરે છે.અને નોંધાઈ છે.
- આથી ઉપરના ચાર્ટ નો અભ્યાસ કર્યા બાદ સરકારે કોઈ પણ પ્રકારની જાગૃતિ ગામડાઓમાં લાવી નથી આથી બળાત્કારના બનાવ વધે છે.
- છુપા અપરાધ સામે કોઈ માર્ગદર્શિકા અને હેલ્પલાઇન નથી
- બળાત્કારના બનાવમાં ગુનેગારને સાત વર્ષની સજા ની જોગવાઈ છે.આથી સાત વર્ષની સજા એ ઓછી હોવાથી પ્રજામાં કોઈ દર નથી.
- સમાજમાં પુરુષ પ્રમાણ કરતા સ્ત્રીનું પ્રમાણ ઓછુ હોવાથી પુરુષનું માનસ ગુના તરફ દોરાય છે. દાખલ કરવામાં આવેલા સુધારા નીચલી અદાલતો ભાગ્ય જ ગંભીરતાપૂર્વક લે છે.

**સૂચનો**:

- **કાનૂની સૂચનો**

1 ) બળાત્કાર માટે તો સૌ પ્રથમ કડક કાયદો હોવો જોઈએ.

2) આજીવન કેદ હોવી જોઈએ ,એવી શિક્ષા હોવી જોઈએ કે જડબેસલાક દાખલો બેસે..

3) આવા કેસ બંધ રૂમમાં એટલે કે ઇન –કેમેરામાં ચલાવવા.

4) શક્ય હોય ત્યાં સુધી બળાત્કારના કેસ સ્ત્રી જજે ચલાવવા.

5) અથવા અન્ય કોઈએ ભોગ બનનાર સ્ત્રીનું નામ જાહેર ન કરવું જોઈએ.

6) જયારે કોઈ યુવતી સાથે આવું કૃત્યુ થાય ત્યારે કોર્ટ કાર્યવાહી દરમ્યાન સ્ત્રીના મનને વિચલિત કરે તેવા સવાલ ન પૂછવા.

7) સ્ત્રીની સળંગ જુબાની ન લેતા વિશ્વાસ આપી જુબાની લેવી.

8) બળાત્કારના કેસમાં કોર્ટ ગુનાનો ભોગ બનનાર સ્ત્રીને વળતર મળે તેમાટે આદેશ કરી શકે છે.

9) બળાત્કારનો ભોગ બનનાર સ્ત્રી ના ઘરે અથવા સ્ત્રી જણાવે તે સ્થળે પોલીસે નિવેદન લેવાનું રહેશે તથા આવી તપાસ અને કોર્ટ કાર્યવાહી દરમ્યાન ભોગ બનનાર સ્ત્રી તેની સહાય માટે તેના વાલી અથવા તેની સ્ત્રી મિત્રને સાથે રાખી શકે છે

10) દરેક કેસની તપાસ અને ન્યાયિક કાર્યવાહી એ જાહેરમાં કરવામાં આવે છે પરંતુ જાતીય હુમલાના કેસમાં ભોગ બનનારની ઓળખને ગુપ્ત રાખવા માટે આવા ગુનાની તપાસ તથા ઇન્સાફી કાર્યવાહી બંધ બારણે કરવી એટલા માટે આવશ્યક બંને છે કે તેણીને પોતાના ભવિષ્ય અને સુરક્ષા બાબતે આ અંગેની ખાતરી મળી રહે.

11) ભોગ બનનારના નામનો ઉલ્લેખ ક્યાંય થવો ન જોઈએ,ત્યાં સુધી કે આદાલતી ચુકાદામાં પણ તેણીના નામને પ્રકાશિત ન કરવું જોઈએ.

12) અદાલતો એ શક્ય હોય ત્યાં સુધી પીડિત છોકરી /સ્ત્રીની ઓળખને ચુકાદા દ્વારા કે અન્ય રીતે છતી ન થાય તે અંગે કાળજી રાખવી તથા જાતીય ગુનાનો ભોગ બનનાર સંબંધી કેસનો નિર્ણય કરતી વખતે સ્વયં – સ્વયં રાખી ફરિયાદ પક્ષને બિનજરૂરી કનડગત ન થાય તે જોવાની પણ અદાલતની ફરજ છે.

- **સામાજિક સૂચનો**

1) કાયદાનઓના અસરકારક અમલ પાલનની સાથે સામાજિક માનસિકતા બદલવાની જરૂરિયાત છે.

2) સહુથી પહેલા સ્ત્રીના અસ્તિત્વનો સમાજે સ્વીકાર કરવો જોઈએ પહેલાં તે એક વ્યક્તિ છે.પછી તેણી મુલવણી સ્ત્રી તરીકે થવી જોઈએ.

3) પરિપેક્ષમાં બળાત્કાર પીડિતાનું સામાજિક અસ્તિત્વ જોખમનું હોય છે.બળાત્કાર પીડીતને સામાજિક રીતે પાછી સ્વીકૃતિ થવી જરૂરી છે.અને તેમનું સમાજમાં,ઘરમાં કુટુંબમા પુર્નવસન થવું જરૂરી છે.

4) બળાત્કાર પીડિતા શારીરિક તેમજ માનસીક તે ડિપ્રેશન કે માનસિક બીમારીનો ભોગ બની શકે છે,તેવા વખતે તેને તબીબી સારવાર અપાવી જરૂરી છે.

5) તેના પુર્નવસવાટ અને જીવનમાં આત્મવિશ્વાસ પેદા થાય તેવું સામાજિક હકારાત્મકને તંદુરસ્ત વાતાવરણ હોવું જરૂરી છે. આજે 21મી સદીમાં આપણો સમાજ પૂરું પાડી શકતો નથી.આજે ચારે બાજુ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં સેક્સનો જે ઓવરડોઝ ઝીકાઈ રહ્યો છે તેના પર સંપૂર્ણ નિયંત્રણ આવવું જોઈએ.

6) કોર્મશ્યલાઈઝેશનો ફેલાવો એટલે હદ સુધી ના થવો જોઈએ કે જનસમૂહનું માનસ વિકૃત બનતું જાય.જ્યાં અંદરનો નરપિશાચ જાગી ઉઠે.માધ્યમ પ્રસારણો દ્વારા આવા સ્ત્રી પ્રશ્નો પર માનસશાસ્ત્રીઓનું કાઉન્સીલીંગ જેવા કાર્યક્રમો થવા જોઈએ.

7) આ કાયદામાં રાજકીય વર્ગ,દબાણ ના હોવા જોઈએ અગર વર્ગ કે દબાણ વપરાય તો તે વાપરવાને પણ બળાત્કારી જેટલી જ સજા થવી જોઈએ આપણે સામાજિક દ્રષ્ટિકોણ પણ બદલવાની જરૂર છે.

8) બળાત્કારનાં કેસમાં સમાજ ભોગ બનનારને જ જયારે ગુનેગાર માનવા માટે ત્યારે ભોગ બનનાર સ્ત્રીએ વિષમ પરીસ્થીતીમાંથી પસાર થવું પડે છે. બળાત્કાર સ્ત્રીનો વાંક ન હોવા છતાં સમાજ નફરત કરે છે. ઘણા કેસમાં ભોગ બનેલ સ્ત્રી આપઘાત કરી નાખે છે. આવા સંજોગોમાં સમાજની ફરજ છે કે આરોપીને સજા થાય તે જુએ અને ભોગ બનેલ સ્ત્રીના પુનરુત્થાનની કોશિસ

9) બળાત્કારનો ભોગ બનનાર યુવતી કે મહિલાનો સ્વીકાર થવો જોઈએ તે લોકોને તેમના કુટુંબીજ જોડે અડ્છેડતું વર્તન એ સભ્યતા નથી.

**સમાપન:**

બળાત્કાર અંતત શારીરિક અને વ્યક્તિત્વ ભંગ છે."કે જેમાં આ ઘટનાનો ભોગ બનનારની લાગણીઓ અને તેના અસ્તિત્વ ઉપર લાંબા સમય સુધી તીવ્ર દહેશત – ભયનું વાતાવરણ સર્જે છે. જે વાતાવરણ તેણી ને શક્તિહીન બનાવી દે છે. જે ભોગ બનનાર બે રીતે યાતનાનો વારંવાર અનુભવ કરે છે, એક તો શારીરિક રીતે અને અને બીજું આ ઘટના પછી તરત બનતી ઇન્સાફી કાર્યવાહી દ્વારા અદાલતી ખંડમાં ઉઠાવવામાં આવતાં બિનમાનવીય પ્રશ્નો ના જવાબ દ્વારા,આ અસર તેણી ઉપર એટલી કઠોર પડે છે. કે તેણી માનસિક રીતે કરમાઈ જાય છે. માનવીય સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું કે,"બળાત્કારએ સ્ત્રીના વ્યક્તિત્વ અને તેણીના શરીર ઉપરનો હિંસક હુમલો છે." વધુમાં અદાલતે અવલોકન કર્યું કે," સ્ત્રી ઉપર થતા બળાત્કારનાં હુમલા એ કોઈ પણ સભ્યતા માટે શરમજનક મૃત્યુ સમાન છે."

"બળાત્કાર" આ એવા પ્રકારનો ગુનો છે જે પુરુષ દ્વારા સ્ત્રી ઉપર કરવામાં અથવા કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ પ્રકારના ગુનાઓમાં ગુનેગારને માત્ર કાયદા દ્વારા શિક્ષા આપવી એટલું પુરતું નથી પરંતુ સાથે – સાથે સમગ્ર સમાજની માનસિકતામાં પરિવર્તન લાવવું પણ એટલુ જ જરૂરી બની જાય છે. સામાન્ય રીતે આપણે જોઈ એ છીએ કે ભોગ બનનાર સ્ત્રી સામે સમાજ જ નહી પરંતુ તેણીના નજીકના સગાં–સંબંધીઓનો વ્યવહાર પણ અણછાજતો હોય શા માટે ? શું તેણી એ કોઈ ગુનો કર્યો છે. શું તેણી એ કોઈ ખોટું કર્યું છે.? અરે, આ તો યાતનાનો ભોગ બનનાર પીડિત છે તો શા માટે તેણી ને એક ગુનેગાર ગણી ગુનેગાર તરફ કરવામાં આવતું વર્તન તેણી તરફ કરવામાં આવે છે. આપને હંમેશા યાદ રાખવું જોએ કે, જે "તેણી એક પીડિત છે,ગુનેગાર નહી."

ભારતની ન્યાયપાલીકાઓ તેમજ ધારાગૃહો આ માટે કટિબદ્ધ છે કે તે અનુરૂપ કાયદા બનાવી તેનું અમલ-પાલન કરાવે, સાથોસાથ સમાજે પણ બળાત્કાર પીડિતા તરફનો પોતાનો દ્રષ્ટીકોણ બદલવાની જરૂર છે.

## Reference Books


I. બી એમ. ગાંધી & ગોપાલ એમ.પંડયા ગાંધી, એસબીડી પબ્લિકેશન, અમદાવાદ

II. જયંત એમ. પંચાલ, વિમેન એન્ડ ક્રિમીનલ લોઝ,પ્રકાશન – સિદ્ધાર્થ લો હાઉસ, અમદાવાદ

III. Surakumari (Ed.): Women's Studies, An Emerging Academic Discipline (1993)

IV. Ashokkumar & Harish : Women power, Status of women in India ( 1991)5.

V. C.Jamnaadas Publication, A.N Karia & Dr. Dimpal T Raval: Women & Law (2009), Ahmedabad, Gujarat

VI. https:/en.m..wikipedia.org

***************************************************************************

**Dr. Dimpal T. Raval**
Assistant Professor & Head
Department of Law
Raksha Shakti University
Ahmedabad

Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat